પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૩૦૧, કુલ પાના:૪, તારીખ: ૧૪-૦૮-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 301 PRICE :-RS. 1.50 DATE : 14-08-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વડાપ્રધાન મોદીએ 'નવી સ્ક્રેપિંગ' પોલીસી લોન્ચ કરી

# ગાડીઓની ઉંમર નહીં, ફિટનેસને આધારે સ્ક્રેપ કરાશે

ગાંધીનગર/ન્યુ દિલ્હી, કેન્દ્રની વ્હીકલ સ્ક્રેપ પૉલિસીને આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી પીએમ મોદીની વર્ચ્યુઅલ હાજરીમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી દ્વારા જાહેર કરવામાં આવી હતી. આ દરમ્યાન પીએમ મોદી અને ગડકરી બંનેએ આ પૉલિસીના ફાયદાને લઈને વિસ્તારથી વાત કરી હતી. વીડિયો-કોન્ફરન્સિંગથી જોડાયા બાદ પીએમ મોદીએ સ્ક્રેપિંગ પોલિસીમાં મહત્ત્વની ઘોષણા કરી હતી કે જે પણ વ્યક્તિ પોતાના જૂના વાહનને સ્ક્રેપમાં આપશે તેને સ્ક્રેપ પર એક સર્ટિફિકેટ મળશે અને આ સર્ટિફિકેટ રજૂ કરવા પર નવા વાહનની ખરીદી પર રજિસ્ટ્રેશન ચાર્જ નહીં લાગે. એટલું જ નહીં, નવા વાહનની ખરીદી પર લાગુ થતા રોડ ટેક્સમાં પણ ડિસ્કાઉન્ટ મળશે. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉપરાંત કેન્દ્રીય પરિવહનમંત્રી નીતિન ગડકરી ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહ્યા હતા.



આ પ્રસંગે વર્ચ્યુઅલ જોડાયેલા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે ૭૫મા સ્વતંત્રતા દિવસ પહેલાં આજનો આ કાર્યક્રમ આત્મનિર્ભર ભારતના મોટાં લક્ષ્યોને સાકાર કરવામાં એક મોટું કદમ છે. આ પોલિસી નવા ભારતની મોબોલિટી ને ઓટો સેક્ટરને નવી ઓળખ આપશે. દેશમાં આ પોલિસીને કારણે સકારાત્મક પરિણામ આવશે. સ્ક્રેપિંગ પોલિસી સમયની માગ છે. આ પોલિસીમાં ઉદ્યોગકારોની મોટી ભૂમિકા છે. આ પોલિસી ૧૦ હજાર કરોડથી પણ વધારે રોકાણ લાવશે. આગામી ૨૫ વર્ષ દેશ માટે મહત્ત્વનાં છે. આ પોલિસી પર્યાવરણ માટે પણ જરૂરી છે. આગામી સમયમાં આપણા વ્યાપારી જીવનમાં મોટાં પરિવર્તનો આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય સ્ક્રેપ પોલિસીની ઘોષણામાં પણ ગુજરાતનાં ઘરોની વર્ષો જૂની પરંપરાનું દૃષ્ટાંત આપતા ચૂક્યા નહોતા. તેમણે સસ્મિત ચહેરે જણાવ્યું હતું કે "રિસાઈક્લિંગનો કન્સેપ્ટ વિશ્વમાં તો ભલે છેલ્લાં કેટલાંક વર્ષોમાં આવ્યો, પરંતુ ગુજરાતનાં ઘરોમાં તો દાદીમાઓ વર્ષોથી રિસાઈક્લિંગ કરે છે. અમારા ગુજરાતનાં ઘરોમાં વર્ષોથી પહેરવાનાં કપડાં જૂનાં થઈ જાય તો એને ફેંકી દેવાતાં નથી, પરંતુ દાદીમા એ કપડાંની સિલાઈ ઉકેલીને એને ટેભાં લઈને સાંધા કરીને લાંબું કાપડ બનાવે છે. આ કાપડમાંથી હાથ વડે ટાંકા લઈ-લઈને ગોદડીઓ બનાવે છે, જે શિયાળામાં ઠંડીથી રાહત આપે છે. આમ, રિસાઈક્લિંગનો કન્સેપ્ટ તો અમારા ગુજરાતમાં દાદીમાઓ વર્ષોથી ચલાવી રહ્યાં છે.

આ પોલીસી દ્વારા ઓટો મેટલ ઈન્ડસ્ટ્રીને બૂસ્ટ મળશે તેવું વડાપ્રધાન મોદીએ કહ્યું. ઉપરાંત તેમણે કહ્યું કે સ્ક્રેપિંગ ફીલ્ડમાં કામ કરવા વાળા લોકોને ઘણો ફાયદો થશે અને ઈન્ડ્સ્ટ્રીના લોકો પાસે ૨૫ વર્ષનો આત્મનિર્ભર ભારતનો રોડમેપ રહેશે. જૂની નીતિઓને બદલવી પડશે સાથેજ તેમણે કહ્યું જૂની નીતિઓને બદલીને નવી નીતિઓ પર કામ કરવું પડશે.

તેમણે ઉમેર્યું હતું કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં એનર્જી ક્ષેત્રમાં મહત્ત્વનાં કામો થયાં. પર્યાવરણના જતન સાથે વિકાસ પણ જરૂરી છે. આ પોલિસીથી સામાન્ય પરિવારોને સૌથી મોટો લાભ થશે. આ પોલિસીથી આપણા સ્વાસ્થ્ય પર પ્રદૂષણને કારણે જે અસર થાય છે એ ઓછી થશે. ગુજરાતના અલંગને શિપ રિસાઈકલિંગ હબ તરીકે ઓળખવામાં આવે છે. નવી પોલિસીને કારણે આગામી ૨૫ વર્ષમાં ઘણા બદલાવ આવશે અને પ્રદૂષણમાં પણ ઘટાડો નોંધાશે. આ પોલિસીથી સામાન્ય લોકોને ઘણો લાભ મળશે અને દેશમાં રોજગારી પણ વધશે. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે આઝાદી બાદ આજે આત્મનિર્ભર ભારતની પોલિસી લોન્ચ કરવામાં આવી છે. કચરાથી કંચન સુધી પહોંચવા માટે આ પોલિસી લાગુ કરવામાં આવી છે.

મહત્વપૂર્ણ છે કે ગુજરાતમાં દર વર્ષે આ રીતની ઈન્વેસ્ટર સમિટનું આયોજન કરવામાં આવે છે, જેની શરૂઆત ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ કરી હતી. શુક્રવારે યોજાયેલા આ કાર્યક્રમમાં કુલ સાત કંપનીઓએ સરકાર સાથે એમઓયૂ સાઈન કર્યુ છે. જેમાં ૬ ગુજરાતની અને એક આસામની કંપની સામેલ છે.




# સાત સરકારી કંપનીઓનું ખાનગીકરણ થશે: નિર્મલા સીતારમણની જાહેરાત

ન્યુ દિલ્હી,

મોદી સરકાર પોતાના વિનિવેશ કાર્યક્રમને સતત આગળ વધારી રહી છે. ભારતીય ઉદ્યોગ પરિસંઘની વાર્ષિક બેઠકમાં પોતાના સંબોધન દરમિયાન નાણાં મંત્રી નિર્મલા સીતારામણે સરકારી કંપનીઓના પ્રાઈવેટાઈઝેશનની પૃષ્ટિ કરી હતી. નિર્મલા સીતારામણે દેશના ઉદ્યોગપતિઓને વિશ્વાસ અપાવ્યો હતો કે, સરકાર આર્થિક વૃદ્ધિને ગતિ આપવા માટે દરેક જરૂરી પગલા ભરવા માટે તૈયાર છે.



નિર્મલા સીતારામણે જણાવ્યું કે, કોવિડ કાળમાં પણ મોદી સરકારે સુધાર કાર્યક્રમો ચાલુ રાખ્યા છે. અર્થતંત્રને આગળ વધારવા જે યોગ્ય લાગ્યું તે કરવામાં આવ્યું અને તેના અનુસંધાને અનેક કાયદામાં ફેરફાર થયો. કૃષિ કાયદો આવ્યો, ફેક્ટરી, શ્રમ, મધ્યસ્થતા, દેવાળિયા કાયદામાં સંશોધન કરવામાં આવ્યા. પાછલી તારીખથી લાગતા ટેક્સ ખતમ કરવામાં આવ્યા.

આ ઉપરાંત તેમણે સરકારી જનરલ ઈન્સ્યોરન્સ કંપનીઓ અને અન્ય સરકારી કંપનીઓના પ્રાઈવેટાઈઝેશન માટે ભરવામાં આવેલા પગલાની વાત પણ કરી હતી.

ડીઆઈપીએએમના સેક્રેટરી તુહિન કાંત પાંડેએ જણાવ્યું કે, એર ઈન્ડિયા, ભારત પેટ્રોલિયમ (બીપીસીએલ)નું પ્રાઈવેટાઈઝેશન આ વર્ષે જ થઈ જશે. તે સિવાય શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એસસીઆઈ), ભારત અર્થ મૂવર્સ પ્રાઈવેટ લિ. (બીઈએમએલ), પવન હેન્સ અને નીલાચલ ઈસ્પાત નિગમ લિ.ના પ્રાઈવેટાઈઝેશનને લઈ બિડર્સે દિલચસ્પી દેખાડી છે.

# રાજ્યભરની તમામ શાળાઓના વિદ્યાર્થીઓના આરોગ્યની ચકાસણી કરાશે

ગાંધીનગર,

ગાંધીનગરમાં મળેલી રાજ્યકક્ષાની સ્ટીયરીંગ કમિટીની બેઠકમાં શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં રાજયભરની તમામ શાળાઓના વિદ્યાર્થીઓના ૧૮ વર્ષ સુધીના દોઢ કરોડથી વધુ વિદ્યાર્થીઓના આરોગ્યની ચકાસણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.આ ચકાસણી દરમ્યાન ગંભીર બિમારી ધરાવતાં વિદ્યાર્થીઓને લાખો રૂપિયાની વિનામૂલ્યે સારવાર રાજ્ય સરકાર દ્વારા પુરી પાડવામાં આવશે. જેની વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.



નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ૧૮ વર્ષની ઉમરના શાળાએ જતા અને ન જતા વિદ્યાર્થીઓને આવરી લેવાતા હતા. આ વર્ષે ૧૮ વર્ષની ઉમરના કોઈપણ ક્ષેત્રે અભ્યાસ કરતા એટલે કે, આઇ.ટી.આઇ., કોલેજ, ડીગ્રી-ડીપ્લોમામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ આવરી લેઈને વિનામૂલ્યે સારવાર આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ ઉપરાંત જે વિદ્યાર્થીઓને બોલવામાં અને સાંભળવામાં તકલીફ હોય તેવા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે કોકલીયર ઈમ્પ્લાન્ટ પુરા પાડવામાં આવે છે. આ કોકલીયર ઈમ્પ્લાન્ટનું કોઈ સાધન તુટી જાય, ખોવાઈ જાય કે ચોરાઇ જાય તો તેવા કિસ્સામાં દર્દીને સહાયરૂપ થવા રાજ્ય સરકાર દ્વારા પચાસ ટકા સહાય આપવાનો પણ નિર્ણય કરાયો છે.

તેમણે ઉમેર્યુ કે, જે વિદ્યાર્થીઓને કિડની, હૃદય, કેન્સર જેવા ગંભીર રોગોમાં ટ્રાન્સપ્લાન્ટ કરવાનું હોય તેમને પણ રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે સારવાર પુરી પાડવામાં આવે છે. જે અંતર્ગત કેટલાક ગંભીર રોગોમાં ટ્રાન્સપ્લાન્ટ કરવાનું થાય તે અંગેનું નિદાન ૧૮ વર્ષ પહેલા થઈ ગયુ હોય પરંતુ ટ્રાન્સપ્લાન્ટ અંગેનું ઓર્ગન ૧૮ વર્ષ બાદ મળે તો પણ આવા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે સારવાર આપવાનો પણ રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે તે મુજબ રાજ્ય સરકાર દ્વારા સારવાર પણ પુરી પડાશે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહિસાગર જિલ્લા કક્ષાના ૭૫ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીની તૈયારીઓને આખરી ઓપ અપાયો

લુણાવાડા, દેશની આઝાદીના અમૃત વર્ષના ઉપક્રમે દેશભરમાં ૭૫ મા સ્વતંત્રતા પર્વની હર્ષભેર ઉજવણી થનાર છે. મહીસાગર જિલ્લામાં પણ આ અંતર્ગત જિલ્લા કક્ષાના કાર્યક્રમની ઉજવણી જિલ્લા કલેક્ટર ડો. મનીષકુમારનીઉપસ્થિતિમાં કરવામાં આવશે. કલેક્ટર આ અવસરે રાષ્ટ્રધ્વજને લહેરાવીને સલામી આપશે. ૭૫મા સ્વાંતંત્ર્ય પર્વની ઉજવણી તા. ૧૫/૮/૨૧ને રવિવારના રોજ સવારના ૯-૦૦ વાગ્યે પોલીસ પરેડ ગ્રાઉન્ડ, લુણાવાડા ખાતે યોજવામાં આવશે. આ પ્રસંગે કોરોના વોરિયર્સનું સન્માન તથા અભિવાદન પણ કરવામાં આવશે. જયારે મંત્રી અને મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવશે.

આજે નિવાસી અધિક કલેક્ટર અને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આઈ.એ.સુથારે પોલીસ પરેડ ગ્રાઉડ લુણાવાડા ખાતે યોજાનાર કાર્યક્રમનું રિહર્સલ અને નિદર્શન કર્યું હતું. આ વર્ષે પણ કોરોનાને અનુલક્ષીને સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર અનુસાર સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવશે.

આજે સવારે યોજાયેલ રિહર્સલ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી બ્રિજેશ મોડીયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચંદ્રિકાબેન ભાભોર સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીઓ સહિત પોલીસ દળના જવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## મહીસાગર જીલ્લાના ૭૫ મા સ્વાતંત્ર પર્વની ઉજવણી લુણાવાડા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કલેક્ટર ડો. મનીષકુમારના હસ્તે ધ્વજવંદન થશે

લુણાવાડા, રાષ્ટ્રના ૭૫માં સ્વાતંત્ર્ય પર્વ દિનની ઉજવણી જિલ્લા કક્ષાનો મુખ્ય સમારંભ પોલીસ પરેડ ગ્રાઉન્ડ, લુણાવાડા ખાતે તા. ૧૫/૦૮/૨૦૨૧ને રવિવારના રોજ સવારે-૯.૦૦ કલાકે મહીસાગર જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ ડો. મનીષકુમારના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં જિલ્લાના સૌ નાગરિકો અને લુણાવાડા તાલુકાના ગ્રામજનોને કોવિડ-૧૯ અન્વયે સરકાર દ્વારા પ્રસિધ્ધ કરેલ માસ્ક તથા સોશિયલ ડિસ્ટન્સની સુચનાઓના ચુસ્ત પાલન સાથે રાષ્ટ્રીય પર્વે ઉપસ્થિત રહેવા નિવાસી અધિક કલેક્ટર અને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આઇ.એ. સુથાર દ્વારા જણાવવામાં આવે છે.

# ૧૫ થી ૩૫ વર્ષ ના યુવક અને યુવતીઓ માટે મહીસાગર જિલ્લા કક્ષાના યુવક નેતૃત્વ અને યોગાસન તાલીમ શિબિર (ઓનલાઈન) યોજાશે

લુણાવાડા, રાજયના ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા વિદ્યાર્થી, બિનવિદ્યાર્થી યુવક / યુવતિઓને યુવક નેતૃત્વ અને યોગાસન તાલીમ શિબિર (ઓનલાઇન) શિબિરમાં જોડાવાની ઉમદા તક આપી પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકાર દ્વારા તા. ૬ થી ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૧ દિન-૬ ની શિબિર યોજવાનું નકકી કર્યુ છે.

આ શિબિરમાં માત્ર એવા યુવક-યુવતીઓ કે જેઓ તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા હોય તેવા અને આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ પોતાની અરજી જિલ્લા રમતગમત અધિકારી, મહીસાગર જિલ્લા ની કચેરી ખાતે થી રૂબરૂ મોકલી આપવાની રહેશે તથા તેમાં સંપૂર્ણ વિગતો ભરીને આધાર-પુરાવા સાથે જિલ્લા રમત ગમત અધિકારી, રૂમ નંબર-૨૩૨,બીજો માળ,કલેક્ટર કચેરી,જી મહીસાગરને તાઃ૨૧/ ૦૮/૨૦૨૧,સમય બપોરેઃ ૧૨:૦૦ વાગ્યા સુધીમાં મોકલી આપવાની રહેશે. આ શિબિરમાં પસંદગી પામનાર યુવક-યુવતીઓને જે-તે જિલ્લાની જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા પત્ર દ્વારા/ મોબાઈલ / ઊ-ળફશહ દ્વારા જાણ કરવામાં આવશે. કોઈપણ બાબતની માહિતી માટે જિલ્લા રમત ગમત અધિકારી મહીસાગર, જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી જી.મહીસાગર મો. ૯૭૨૬૮ ૮૯૧૨૦ ને સંપર્ક કરવાનો રહેશે. તેમ જિલ્લા રમત ગમત અધિકારીની અખબારીયાદીમાં જણાવાયું છે.

## સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ 'આઝાદી કા અમૃત મહોત્સવ' થીમ ઉપર આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ લુણાવાડા ખાતે યોજાશે

લુણાવાડા, ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર્યદિનની પૂર્વ સંધ્યાએ તા.૧૪/૦૮/૨૦૨૧ના સાંજે ૫ કલાકે નાયબ વન સંરક્ષકની કચેરી, અદાણી CNG પંપની બાજુમાં સંતરામપુર રોડ, લુણાવાડા ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આઝાદી કા અમૃત મહોત્સવ થીમ હેઠળ આયોજિત આ કાર્યક્રમ નિહાળવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવે છે.

### રાજ્યમંત્રી યોગેશ પટેલના બિન્દાસ બોલ

# ભ્રષ્ટાચારી અધિકારીઓને નોકરીમાંથી પાણીચું આપો




વડોદરા, વડોદરા પાલિકાએ આવાસ મકાનોના કરેલા ડ્રોની યાદી બદલી કૌભાંડ આચરવાનો મામલો વધુ વિવાદિત બની રહ્યો છે. રાજ્યમંત્રી યોગેશ પટેલે મેયર કેયુર રોકડીયાને એક કાર્યક્રમમાં મંચ પરથી જ આરોપી અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની ટકોર કરતાં હડકંપ મચી જવા પામ્યો છે. સાથે જ મંત્રીએ અધિકારીઓને ભ્રષ્ટાચારી અને ચોર પણ કહેતા વિવાદ ઊભો કર્યો છે.

રાજ્ય સરકારના ૫ વર્ષ પૂરા થતાં ઉજવણીના ભાગરૂપે વડોદરા પાલિકાના ૭ ઓગસ્ટના સયાજીરાવ નગર ગૃહમાં આયોજિત કાર્યક્રમમાં રાજ્ય મંત્રી યોગેશ પટેલે આવાસના ૩૮૨ મકાનોનો ડ્રો કર્યો હતો. જેની યાદી એફોર્ડેબલ હાઉસિંગ વિભાગના કાર્યપાલક ઈજનેર પ્રમોદ વસાવા અને એમ.આઈ.એસ એક્સપર્ટ નીશીત પીઠવાએ એક કલાકમાં જ બદલી નાંખી અને ઓનલાઈન મૂકી દીધી. જેમાં ૪૨ મકાનોના લાભાર્થીઓના નામ બદલી નાંખવામાં આવ્યા. આ મામલે સિટી એન્જીનીયર શૈલેષ મિસ્ત્રીએ નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે. પોલીસે બંને અધિકારીઓની પૂછપરછ બાદ અટકાયત પણ કરી છે.

વડોદરામાં આજે વોલ્વો બસના નવા રૂટ શરૂ કરવાના કાર્યક્રમમાં રાજયમંત્રી યોગેશ પટેલે મંચ પરથી જ મેયર કેયુર રોકડીયાને કૌભાંડમાં સંડોવાયેલા અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરી અમલવારી કરવાની ટકોર કરી હતી. સાથે જ અધિકારીઓને ચોર અને ભ્રષ્ટાચારી પણ કહ્યા. તેમજ સમગ્ર મામલે મુખ્યમંત્રી સાથે તેમની વાત થઈ હોવાનું પણ કહ્યું. તેમણે કહ્યું કે, અધિકારી કે નેતા જે પણ ચોરી કરતા હોય તેમને ના છોડવા જોઈએ. વડોદરા પાલિકા ભ્રષ્ટાચાર કરનાર અધિકારીઓને માત્ર સસ્પેન્ડ કરવા સુધીની કાર્યવાહી ના કરે, પણ અધિકારીઓને નોકરીમાંથી પાણીચું આપી ઉદાહરણરૂપ કાર્યવાહી કરવી જોઈએ.

# કોંગ્રેસ નેતા ભરતસિંહ સોલંકીનું ટ્વિટર એકાઉન્ટ લોક



ગાંધીનગર, રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના અનેક નેતાઓ અને કોંગ્રેસ પાર્ટીના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટને લૉક કર્યા બાદ હવે ગુજરાતના પ્રદેશ કોંગ્રેસનાં દિગ્ગજ નેતાનું ભરતસિંહ સોલંકીનું ટ્વિટર એકાઉન્ટ લોક કરવામાં આવ્યું છે. ભરતસિંહ સોલંકીએ રાહુલ ગાંધીનું ટ્વિટ રિટ્વિટ કર્યુ હતું. જે બાદ તેમનું ટ્વિટર એકાઉન્ટ લોક કરવામાં આવ્યું છે. આ મામલે જયરાજસિંહ પરમારે ટ્વિટ કરી જાણકારી આપી છે.

આ મામલે જયરાજસિંહે ટ્વિટ કરી લખ્યું કે, લો હવે @BharatSolankee જી નું પણ ટ્વીટર હેન્ડલ બંધ કર્યુંપ રેલો ગુજરાત સુધી પહોંચ્યો.. બિપ ટ્વીટર, ભરતસિંહ સોલંકીના ઘરનું નામ સત્યાગ્રહ છાવણી છે એ અંગ્રેજોની સામે લડતા લડતા જ પડેલું..તપાસ કરી લેજો.. અને તમારા આકાઓને પૂછી લેજો. આતો ઘાસમાં તણખલું છે.. ઘેર ઘેર @RahulGandhi છે.

આપને જણાવી દઈએ કે, ટ્વિટર અને કોંગ્રેસ વચ્ચે વિવાદ વધ્યો છે. પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીના ટ્વિટર હેન્ડલને લોક કર્યાના વિરોધમાં આજે યુથ કોંગ્રેસ ના વિવિધ નેતાઓ દ્વારા પોતાના ટ્વીટર હેન્ડલ પર પ્રોફાઈલ ફોટો માં રાહુલ ગાંધીના ફોટો મુકવામાં આવ્યા છે. યુથ કોંગ્રેસ અધ્યક્ષ શ્રીનિવાસ બીવીએ ટ્વિટર પર નામ બદલીને રાહુલ ગાંધી કરી દીધું. પ્રોફાઈલ ફોટો માં રાહુલ ગાંધીની તસવીર પણ મૂકી છે.

# વરસાદ ખેંચાતા ખેડુતો કફોડી સ્થિતીમાં મુકાયા


તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

નદીસર, પ્રારંભિક તબક્કામાં સારા વરસાદ બાદ વરસાદ ખેંચાતા અને ઓગસ્ટ માસ પણ અડધો પૂર્ણ થવા તરફ ત્યારે હજુ સુધી વરસાદ ના કોઈ ચિન્હો ન જણાતા હવે ખેડૂત વર્ગ ચિંતા માં મુકાઈ ગયો છે પંચમહાલ જિલ્લામાં ગોધરા તાલુકામાં પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં તાલુકો વહેંચાયેલો છે. જેમાં પશ્ચિમ ભાગમાં પાણીની ઓછી વત્તી સગવડ છે. જયારે પૂર્વ ભાગમાં પાણી ની ગંભીર સમસ્યા છે અને જો વરસાદ ખેંચાય તો પશ્ચિમ ભાગમાં પણ સમસ્યા ઊભી થાય છે. ત્યારે આ વર્ષે વરસાદ ખેંચાતા તાલુકાના બન્ને ભાગમાં આગામી દશ દિવસ માં જો વરસાદ ના થાય તો અગાઉ થયેલ વિવિધ પાકોના વાવેતર પર ગંભીર અસર થશે. છેલ્લા ત્રણ વર્ષના ગોધરા તાલુકાના સરેરાશ વાવેતરના આંકડામાં ૩૪૪૧૩ હેકટર જમીનમાં વાવેતર કરવામાં આવ્યું હતું. જેની સામે આ વર્ષે ઓગસ્ટ માસ ના પ્રથમ સપ્તાહના અંત સુધીના આંકડા પ્રમાણે ૨૮૮૩૨ હેકટર જમીન માં વિવિધ પાકોનું વાવેતર થયેલ છે. જેમાં મુખ્યત્વે ડાંગર, મકાઈ, તુવર, સોયાબીન, કપાસ, શાકભાજી અને ઘાસચારાનું વાવેતર થયેલ છે. આ વર્ષે ઓછા વરસાદના કારણે ગત વર્ષ કરતા ૫૫૮૧ હેકટર ઓછું વાવેતર થયું છે. ઓછા વરસાદના કારણે તાલુકાના મોટાભાગના તળાવોમાં પાણીના બરાબર જ રહ્યું છે. આ તરફ પશ્ચિમ વિસ્તારમાં પાનમ સિંચાઇ વ્યવસ્થા છે પણ તેના એકલાના આધારે ડાંગર જેવો વધુ પાણી જોઈતો પાક પકવવો અશક્ય જ છે. જયારે અન્ય પાકોમાં હાલ પાણીની તાતી જરૂરિયાત ફકત પાકને બચવવા માટે છે, પણ વરસાદ વગર અને પાણીની જ્યાં બિલકુલ વ્યવસ્થા નથી ફકત આકાશી ખેતી પર નિર્ભર ખેડૂતોના પાક ને એક એક દિવસ પસાર કરવો વધુ ને વધુ ચિંતા તરફ દોરી જાય છે. આગામી દિવસોમાં પશ્ચિમ વિસ્તારના આર્થિક આધાર સ્તંભ સમા ત્રણ પાક કે જેના ઉત્પાદન પર ખેડૂતના તમામ વ્યવહાર સંકળાયેલા છે. તેવા ડાંગર, કપાસ, તમાકુ અને મકાઈના પાક પર ગંભીર અસર જો વરસાદ વધુ લંબાઈ ગયો તો થશે તે નક્કી છે. ખેડૂતો દ્વારા બેન્કો પાસે થી ધિરાણ લઈ કે ખાનગી વ્યકિતઓ પાસે થી વ્યાજે નાણાં લાવીને પાક રોપણીનો ખર્ચ કર્યો છે. તે આગામી દશ દિવસ માં સારો વરસાદ ન પડે તો માથે પડે તેવી સ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે.

આ તરફ ગત વર્ષના સામન્ય વરસાદના કારણે કુવાના તડ ઊંડા ઉતરી ગયા છે. તો તળાવો પણ ચોમસા પહેલાજ સુકાઈ ગયા છે. ગૌચરો અને પડતર જમીનોમાં રહેલો ચરિયાણ ઘાસચારો પણ સુકાઈ રહ્યો છે. ત્યારે જો ઘાસચારાને અસર થાય તો ખેતી પછી બીજી આવક એવા પશુ પાલન પર પણ ગંભીર અસર થાય તેમ છે. વરસાદ વગર ઉપજાઉ જમીનો પણ સખત બની ગઈ છે. ત્યારે આગામી દશ દિવસ માં સમગ્ર જિલ્લા સાથે ગોધરા તાલુકામાં પણ જો વરસાદ ન થાય તો ખેતી ક્ષેત્રે મોટું અને અસહ્ય નુકશાન જવાનું ભીતિ સેવાઈ રહી છે.

## પંચમહાલ જિલ્લામાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી યોજાશે

ગોધરા, પંચમહાલ જિલ્લામાં તા.૧૫મી ઓગસ્ટ, ૨૦૨૧ ના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ગોધરાના પોલિસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. સ્વાતંત્ર્ય દિવસની પૂર્વસંધ્યાએ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત બી.આર.જી.એફ. ભવન, ગોધરા ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વ ઉજવણીની તૈયારી રૂપે સમગ્ર કાર્યક્રમનું રિહર્સલ જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા અને જિલ્લા પોલિસ વડા ડો. લીના પાટિલની ઉપસ્થિતિમાં આજે સવારે ૦૯.૦૦ કલાકે યોજાયું હતું. કલેક્ટરએ સમગ્ર કાર્યક્રમના સુચારૂ આયોજન સંદર્ભે સંબંધિત અધિકારીઓ બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, પીવાના પાણીની વ્યવસ્થા, સોશિયલ ડિસ્ટન્સિંગ સહિતની કોરાના ગાઈડલાઈનનું પાલન સહિતની બાબતો અંગે સૂચના આપી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૩, તા. ૧૪-૦૮-૨૦૨૧, શનિવાર, શ્રાવણ સુદ-૬, સૂર્યોદય-૫-૪૯, સૂર્યાસ્ત-૭-૦૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ ચિત્રા

- શુભ ચોઘડીયા -

૧૨-૨૬ થી અભિજીત ૧૩-૧૯ સુધી ૬-૨૫ થી ચલ-લાભ-અમૃત ૧૧-૧૫ સુધી, ૧૨-૫૨ થી શુભ-૧૪-૨૮ સુધી, ૧૭-૪૨ થી ચલ ૧૯-૧૯ સુધી ૨૨-૦૫ થી લાભ ૨૩-૨૮ સુધી

- શુભ હોરા-

૬-૨૫ થી ૯-૩૮ સુધી, ૧૦-૪૩ થી ૧૧-૪૭ સુધી, ૧૩-૫૬ થી ૧૭-૧૦ સુધી, ૧૮-૧૪ થી ૧૯-૧૯ સુધી

## વસ્તિ ગણતરી મુદ્દે તેજસ્વી યાદવે વડાપ્રધાન મોદી પર આકરા પ્રહાર કર્યા



લખનૌ, બિહારમાં જ્ઞાતિ આધારિત વસતી ગણતરીના આધારે રાજકારણ ચાલી રહ્યું છે. આરજેડી સુપ્રીમો પછી જ્ઞાતિ આધારિત વસતી ગણતરી બાબતે હવે વિપક્ષના નેતા તેજસ્વી યાદવે કેન્દ્ર સરકાર પર પ્રહાર કર્યા હતા. તેમણે ત્રણ દિવસ પહેલા લોકસભામાં લાવવામાં આવેલા ઓબીસી બિલ પર પણ કટાક્ષ કર્યો હતો. તેજસ્વીએ કહ્યું કે બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે ૪ ઓગસ્ટે જ્ઞાતિ આધારિત વસતી ગણતરીના મુદ્દે પત્ર લખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે સમય માંગ્યો હતો, પરંતુ આજ સુધી સમય મળ્યો નથી.

વિપક્ષના નેતા તેજસ્વી યાદવે શુક્રવારે જ્ઞાતિ આધારિત વસતી ગણતરીની માંગણી કરતી એક પત્રકાર પરિષદ યોજી. આ દરમિયાન તેમણે કહ્યું કે અમે જાણતા નથી કે પીએમ મોદી નીતિશ કુમારને મળવા માટે સમય કેમ નથી આપતા, પરંતુ તે સ્પષ્ટ છે કે આ મુદ્દે કેન્દ્ર સરકારનો ઈરાદો યોગ્ય નથી. તેમણે કહ્યું કે અમે જ્ઞાતિની વાત નથી કરી રહ્યા, પરંતુ એ જાણવું જરૂરી છે કે દેશમાં કઈ જ્ઞાતિ આધારિત વસતી કેટલી છે. દેશમાં ગરીબોની વસતી કેટલી છે?

તેજસ્વીએ કહ્યું કે વડાપ્રધાન મોદી બંગાળ અને પંજાબના મુખ્યમંત્રીઓને મળી રહ્યા છે પરંતુ બિહાર જેણે તેમને ૩૯ સાંસદો આપ્યા, તે રાજ્યના મુખ્યમંત્રી ને મળતા નથી. આ બિહારના મુખ્યમંત્રીનું નહીં પરંતુ બિહારના લોકોનું અપમાન છે. નીતિશ કુમારે આ સમજવું જોઈએ. તેમણે કહ્યું કે અમે પત્ર લખીને વિનંતી કરી છે કે અમને મળવા માટેનો સમય આપવામાં આવે. જ્યારે જ્ઞાતિ આધારિત વસતી ગણતરી થશે, ત્યારે પછાત લોકો માટે અલગ યોજના બનાવવામાં આવશે.

## કોર્ટના હુકમના તિરસ્કાર બદલ સરકારી અધિકારીને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ

અમદાવાદ, ગુજરાતના પ્રથમ કિસ્સામાં જમીન સંપાદનના વળતરની રકમમાંથી ટીડીએસ કાપનાર સરકારી અધિકારીને કોર્ટના હુકમ ના તિરસ્કાર બદલ દોષિત ઠેરવવામાં આવ્યા છે. જેમાં ખેડૂતોના જમીન સંપાદનના વળતરની રકમમાંથી ટી.ડી.એસ. નહીં કાપવાનો કોર્ટનો હુકમ હોવા છતાં તેનો તિરસ્કાર કરનાર સરકારી અધિકારીને હાઈકોર્ટે દંડ ફટકાર્યો છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના એક્ઝિક્યુટિવ એન્જીનીયર એમ.આર. પંડ્યા(શ્રીમાળી)ને હાઈકોર્ટે કોર્ટના હુકમના તિરસ્કાર બદલ દોષિત ઠેરવ્યા હતા. તેમજ કંટેમ્પટ ઓફ કોર્ટ બદલ હાઈકોર્ટે એમ.આર. પંડ્યાને રૂપિયા ૫૦,૦૦૦ નો દંડ ફટકાર્યો છે.

જેમાં બોટાદ જિલ્લાના ખેડૂતોની જમીન સંપાદીત કર્યા બાદ વળતરની રકમમાંથી ટીડીએસ કાપ્યા બાદ રકમ ઈક્મ ટેક્સ વિભાગમાં જમા ન કરાવી હતી. તેમજ ૧૮ વર્ષ સુધી ખેડૂતોએ પોતાના જ વળતરની રકમ મેળવવા માટે ધક્કા ખાવા પડતા હોવાની બાબતને પણ કોર્ટે ગંભીરતાથી નોંધ લીધી હતી.

કોર્ટના હુકમનો તિરસ્કાર બદલ દોષિત ઠરેલા એક્ઝિક્યુટીવ એન્જિનિયરે બે અઠવાડિયામાં પોતાના ખાતામાંથી ૫૦૦૦૦ રૂપિયા હાઈકોર્ટની રજીસ્ટ્રીમાં જમા કરાવવાના રહેશે, જેમાં ૫૦૦૦૦ માંથી ૪૦ હજાર રૂપિયાની રકમ ખેડૂતોને ખર્ચ પેટે ચૂકવવા માટે હાઈકોર્ટનો આદેશ કર્યો છે . જ્યારે ૧૦૦૦૦ રૂપિયા લીગલ એડમાં જમા કરાવવાના રહેશે.

આ ચુકાદાની ઘણી દૂરોગામી અસર પડશે. જેમાં જમીન સંપાદનના વળતરમાં ટીડીએસ કાપનારા અધિકારીઓ સામે હાઈકોર્ટ કડક કાર્યવાહી કરશે. આ પ્રથમ કિસ્સો હોવાથી અધિકારીને જેલની સજા નહીં કરી હોવાનું કોર્ટે પોતાના ચૂકાદામાં નોંધ્યું હતું. તેમજ કહ્યું હતું કે પરંતુ ભવિષ્યમાં જો આવા કેસ સામે આવશે તો કોર્ટ આકરા પગલાં લેશે.

## "જન ભાગીદારી સે જન આંદોલન" ના ઉદ્દેશ સાથે "આઝાદી કા અમૃત મહોત્સવ" ની ઉજવણી માટે ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન ૨.૦ નો બોરૂ ગામમાં આરંભ


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

આયોજક તરીકે બોરૂ પ્રાથમિક શાળા ૧૩ મી ઓગસ્ટથી ૨ જી ઓકટોબર ૨૦૨૧ સુધી ફીટ ઈન્ડિયા મિશનએ ૭૫ માં સ્વતંત્રતા દિવસ ના ઉપલક્ષમાં વર્ચ્યુઅલ રનની રાષ્ટ્રવ્યાપી ઈવેન્ટનો સ્થાનિક કક્ષાએ પ્રારંભ મુખ્ય શિક્ષક ગૌરાંગ જોશીના હસ્તે કરવામાં આવ્યો. જે વાલીઓ અને વિદ્યાર્થીઓ ને સ્થૂળતા, આળસ, તણાવ, ચિંતા, રોગો વગેરેથી મુક્તિ મેળવવામાં સૌને મદદ રૂપ બની રહેશે. ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન ગાંધી જયંતિ, ૨ જી ઓકટોબરે રાષ્ટ્રવ્યાપી ફિટ ઈન્ડિયા પ્લોગ રન સાથે સમાપ્ત થશે.

## દૈનિક રાશીફળ

તા.૧૪.૦૮.૨૦૨૧ શનિવાર

મેષ(અ.લ.ઈ.) :- આર્થિક બોજો ઘટતો જોવા મળશે. નોકરીમાં પ્રગતિ, સામાજીક કાર્યોમાં સફળતા, માતાથી લાભ રહે. પ્રવાસ થાય.

વૃષભ(બ.વ.ઉ.) :- અંગત જીવનમાં પરિવર્તન થાય. લકઝરી ચીજવસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે. અંધશ્રધ્ધાથી દૂર રહેજો વિદેશથી લાભ.

મિથુન(ક.છ.ઘ.) :- લખાણ-દસ્તાવેજોના કાર્યમાં અનુકુળતા રહે. રાજકીય લાભ. કર્મચારી વર્ગ સાથે મહત્વની ચર્ચા વિચારણા થાય.

કર્ક(ડ.હ.) :- પરિવારમાં માંગલીક પ્રસંગો ઉભા થાય ખર્ચ રહેવાનો ઉત્સાહ જળવાઈ રહે. સ્વાસ્થ્ય બાબત જાળવવું કાર્યભાર ટાળવો.

સિંહ(મ.ટ.) :- સગા સ્નેહી સાથે પાર્ટીનું આયોજન થાય. નોકરીમાં અનુકુળતા જીવન સાથી સાથે સુમેળ રાખવો. ગુસ્સો ટાળવો.

કન્યા(પ.ઠ.ણ.) :- બીજાના કાર્યમાં ડખલગીરી કરવાથી દૂર રહેજો રોજીંદા કાર્યને વળગી રહો. ધાર્મિક કાર્યમાં સફળતા વિદેશથી લાભ.

તુલા(ર.ત.) :- તમારો આત્મવિશ્વાસ વધવાનો નોકરીમાં અનુકુળતા રહે. સાંજ પછીનો સમય વધુ લાભકર્તા રહે.

વૃશ્ચિક(ન.ય.) :- અટકતા કાર્યને વેગ મલવાનો મિત્રો સાથે વ્યવસાયનું આયોજન થાય શેર સટ્ટાથી દૂર રહેજો.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- નિર્ણયો બાબત સતર્કતા કેળવજો નવી યોજનામાં કોઈની સલાહ લેજો પરિવારના સભ્યોને સહકાર દેજો.

મકર(ખ.જ.) :- માનસિક ટેન્સન દૂર થાય જુના મિત્રોની મુલાકાત લાભ દાયક રહે. આવકનું પ્રમાણ વધવાનું.

કુંભ(ગ.શ.સ.) :- નોરીમાં મનગમતી જગ્યા મેળવશો નવી ઓફર આવે સંતાનોની પ્રગતિ માટે શુભ દિવસ રહેવાનો.

મીન(દ.ચ.ઝ.) :- વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેશે. માતાનો સહકાર રહે. જમીન મકાનના કાર્યો બાબત અનુકુળતા રહે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દે.બારીયાના ડાંગરીયા ગામે

# ખેતર માંથી ૩ યુવકના મૃતદેહ મળી આવતા ચકચાર : હત્યા કે આત્મ હત્યા ?

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ડાંગરીયા ગામે કરૂણાંતિકા છવાઈ ગઈ છે. ગામના એક ખેતરમાંથી ૦૩ યુવકોના મૃતદેહ મળી આવતાં જિલ્લાભરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આત્મહત્યા, હત્યા કે પછી અકસ્માત? આ સમગ્ર મામલે પાલીસે તલસ્પર્શી તપાસનો ધમધમાટ આરંભ કરી દીધો છે. ત્યારે ઘટનાને પગલે મૃતકોના પરિવારજનોમાં આક્રંદ છવાઈ ગયો હતો. આ બનેલ બનાવને પગલે અનેક ચર્ચાઓ પણ ભારે ચોર પકડ્યું છે. ત્યારે સઘળી હકિકત શું છે? તે તો પોલીસે તપાસ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટમાંજ બહાર આવેલ તેમ છે.





ડાંગરીયા ગામે એક ઝાડની નીચેથી નજીક નજીકમાંથી એક સાથે ૦૩ યુવકોના મૃતદેહો મળી આવ્યાં છે. વહેલી સવારના આ નજારાને પગલે પરિવારજનો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટના સ્થળે ઉમટી પડ્યાં હતાં. મૃતકોના પરિવારજનોમાં આક્રંદનો માહોલ છવાઈ ગયો હતો ત્યારે ઘટનાની જાણ નજીકની પોલીસને થતાં પોલીસ કાફલો પણ સ્થળ પર તાત્કાલિક દોડી આવ્યો હતો. ત્રણેય મૃતકોનો કબજો લઈ પોલીસે નજીકના દવાખાને પોસ્ટમોર્ટમ માટે મૃતદેહોને રવાના કરી દેવામાં આવ્યાં છે. ત્યારે આ ઘટનાને પગલે અનેક શંકા, કુશંકાઓ પણ વહેતી થવા માંડી છે. આ યુવકોની આત્મહત્યા કે પછી હત્યા કરવામાં આવી હશે કે, પછી કોઈ અકસ્માત નડ્યો હશે? જેવા અનેક સવાલો હાલ પરિવારજનો સહિત ગ્રામજનોમાં ઉદ્ભવવા પામ્યાં છે. પોલીસે સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ તલસ્પર્શી તપાસનો આરંભ કર્યો છે.

દેવગઢબારીયા કાપડી વિસ્તારના ત્રણ મુસ્લિમ યુવકો ના મૃતદેહ મળી આવતા દેવગઢબારિયા મુસ્લિમ સમાજમાં શોકનો માહોલ ઘટના સ્થળે થી બાઈક અને મૃતકોની બાજુમાંથી ત્રણ (૩) મોબાઈલ ફોન પણ મળી આવ્યું. તેને પણ કબ્જે લીધેલા આ બનાવ અંગે લોકોમાં તરેહતરેહની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

### ખેતરમાંથી મળેલ મૃતદેહોના નામ

અકસ્માત કે હત્યા તે અંગે ઘૂંટાતું રહસ્ય પોલીસે ત્રણેય મૃતદેહને પોર્સ્ટમોર્ટમ માટે દેવગઢ બારિયા સિવિલ હોસ્પિટલમાં મોકલી તપાસ હાથ ધરી એક જ વિસ્તારના યુવકોના મૃતદેહ મળતા સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ ત્રણેય મૃતદેહ ખેતર માંથી પડેલા મળતા પરિવારજનોને હત્યાની આશંકા મૃતક

(૧) ઈસુબ ઐયુબ સુકલા ઉમંર વર્ષ ૨૧ રહે. દેવગઢ બારિયા કાપડી ફાટક ફળીયા.

(૨) અકબર સત્તારભાઈ પટેલ ઉમંર વર્ષ ૨૫ રહે. દેવગઢબારિયા કાપડી પટેલ ફળીયા.

(૩) સમીર યાકુબ જેથરા ઉમંર વર્ષ ૨૧ રહે. દેવગઢબારિયા કાપડી પિંજારા ફળીયા.

## ગ્રીન દાહોદનાં સંકલ્પને સાકાર કરતા ૭૨મો વનમહોત્સવની જિલ્લા કક્ષાની ઉજવણી ઝાલોદનાં ગુરૂ ગોવિંદ ધામ, કંબોઇ ખાતે કરાશે

દાહોદ,

દાહોદ જિલ્લામાં ૭૨ માં વનમહોત્સવની જિલ્લા કક્ષાની ઉજવણી ઝાલોદ તાલુકાનાં ગુરૂ ગોવિંદ ધામ, કંબોઇ ખાતે યોજાશે. આ ઉજવણી સ્વર્ણિમ ગુજરાત ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિના કાર્યવાહક અધ્યક્ષ આઇ.કે. જાડેજાના અધ્યક્ષ સ્થાને યોજાશે.

કંબોઇ ખાતેનું ગુરૂ ગોવિંદ ધામ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ૩.૨૦ કરોડનાં ખર્ચે વિકસાવવામાં આવી રહ્યું છે. ત્યારે અહીં ૭૨માં વનમહોત્સવ નિમિત્તે ૧૮૦૦ જેટલા રોપાઓનું વાવેતર થકી સોનામાં સુંગધ ભળશે. અહીં ૧૫૦૦ રોપાઓ વાવવામાં આવશે અને દાહોદ–



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

લીમડી રોડ મુખ્ય રસ્તાથી વનમહોત્સવ ઉજવણી સ્થળ સુધી ૩૦૦ રોપાઓનું લોખંડનાં પાંજરા સાથે વાવેતર કરાશે. નાયબ વનસંરક્ષક આર.એમ. પરમારએ જણાવ્યું કે દાહોદ જિલ્લામાં ૭૨ માં વનમહોત્સવમાં ૬૧.૨૫ લાખ રોપાઓના વાવેતર દ્વારા ગ્રીન દાહોદની સંકલ્પનાને સાકાર કરવામાં આવશે. દાહોદ જિલ્લામાં ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા કક્ષાએ વૃક્ષારોપણ કરવામાં આવશે. જે અંતર્ગત ૧૯૧ ગામમાં ૯૫૫૦૦ રોપાઓ, તાલુકા કક્ષાએ ૩૩૫૦ અને જિલ્લા કક્ષાએ ૧૫૦૦ રોપાઓનું વાવેતર–વિતરણ કરાયું છે. વનવિભાગ દ્વારા ૧૮.૫૦ લાખ રોપાઓનું ખાતાકીય વાવેતર, વિવિધ સંસ્થાઓ મારફત ૬.૨૧ લાખ સુશોભિત ફુલોવાળા, ઔષધિય તેમજ ઈમારતી રોપાઓ વિતરણ કરવા માટે ઉછેરવામાં આવ્યા છે. કિસાન અને મહિલા નર્સરી દ્વારા ૪.૬૦ લાખ રોપાઓ વિતરિત કરાશે. તેમજ સ્વસહાય જુથ મારફતે ૨ લાખ રોપાઓ વિતરિત કરાશે. આ ઉપરાંત લીમખેડા ખાતેની નર્સરીમાં ૧૦ લાખ રોપાઓ તૈયાર કરવામાં આવ્યા છે.

## દાહોદ જીલ્લા પંચાયતમાં શિક્ષણ સમિતિના ચેરમેન, બાંધકામ સમિતિના ચેરમેન પદભાર સંભાળયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જીલ્લા પંચાયતમાં હાલ જ વિવિધ શાખાના ચેરમેનોની વરણી કરવામાં આવી છે. ત્યારે આજરોજ દાહોદ જીલ્લા પંચાયતના બાધકામ સમીતીના નવિન વરાયેલ ચેરમેન રમીલાબેન લલીતસિંહ બારીઆ તમેજ શિક્ષણ સમિતિનાના નવ યુવાન નવા વરાયેલ ફતેપુરા તાલુકાના જવેસી ગામના વતની પ્રફુલભાઈ દલસિગભાઈ ડામોરે આજરોજ વિજય મૂહુર્તમા માં ગાયત્રીની પૂજા અર્ચના કરી વિધીવત કાર્યભાર સંભાળયો હતો. આ પ્રસંગે દાહોદ જીલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલા, દાહોદ જીલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલીયાર, ફતેપુરાના ધારાસભ્ય રમેશભાઈ, સુધીરભાઈ લાલપુરવાલા, પશ્ચિમ રેલ્વેના સભ્ય રીતેષભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો, તાલુકા પંચાયત જીલ્લા પંચાયત સભ્યો સરપંચો ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.

## દાહોદ જિલ્લા ભાજપ દ્વારા શહેરના વોર્ડ નંબર એકના ગોદી રોડ વિસ્તારના રહેવાસીની કાર્યાલય મંત્રી તરીકે નિયુક્તિ કરાઇ



દાહોદ,

ભાજપના ઝોન પ્રભારી, જિલ્લા પ્રભારીઓ સાથે પરામર્શ પ્રશ્ચાયત દાહોદ જિલ્લા પ્રમુખ દ્વારા ભાજપના કર્મઠ, ઉત્સાહી, મહેનતુ, વહીવટી કુશળતા ધરાવતા સામાજિક, ધાર્મિક તથા રાજકીય ગતિવિધિઓ થી સુપરિચિત એવા હીરાલાલ સોલંકીની જિલ્લા કાર્યાલય મંત્રી તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. હીરાલાલ સોલંકીની નિયુક્તિ થતાં તેઓના સમર્થકો દ્વારા અભિનંદન પાઠવવા મોટી સંખ્યામાં તેઓના નિવાસ સ્થાને ઉમટી પડ્યા હતા. પટેલિયા સમાજના આગેવાનો એ પણ તેમને શુભેચ્છાઓ આપી હતી.

## વડોદરા શહેરમાં વોલ્વો બસના બે નવા રુટ શરુ કરાયા

વડોદરા,

વડોદરા શહેરના અક્ષર ચોક અને નિલાંબર સર્કલથી અમદાવાદ સુધી વોલ્વો બસના બે નવા રૂટ આજથી શરૂ કરવામાં આવ્યા છે. વડોદરામાં વોલ્વો બસના બે નવા રૂટ શરૂ કરવામાં આવતા હજારો લોકોને ફાયદો થશે.

વડોદરાના પશ્ચિમ વિસ્તારના લોકો, ગ્રામ્ય વિસ્તાર જેવા કે પાદરા, ભાયલી, બિલ, અટલાદરા, સેવાસી, ગોત્રી, ખાનપુર, શેરખી સહિત અનેક વિસ્તારના નાગરિકોને હવે અમદાવાદ જવા માટે વોલ્વો બસ બસ સ્ટેશનથી નહીં પકડવી પડે. રાજ્ય સરકારે વડોદરા શહેરમાં અક્ષર ચોકથી અમદાવાદ અને



નીલાંબર સર્કલથી અમદાવાદ એમ વોલ્વો બસના બે નવા રૂટ શરૂ કર્યા છે. આજે સવારે અક્ષર ચોક પર વોલ્વો બસના નવા રૂટ શરૂ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં રાજ્યમંત્રી યોગેશ પટેલ, અકોટાના ધારાસભ્ય સીમાબેન મોહિલે, મેયર કેયુર રોકડિયા, ડેપ્યુટી મેયર નંદાબેન જોશી, કોર્પોરેટરો, જીએસઆરટીસીના અધિકારીઓ સહિત અનેક લોકો હાજર હતા.

આ કાર્યક્રમમાં હાજર તમામ મહાનુભાવોએ વોલ્વો બસને લીલીઝંડી બતાવી અક્ષર ચોકથી અમદાવાદ જવા માટે રવાના કરી હતી. વોલ્વો બસની પૂજા કરીને શ્રીફળ પણ વધેરવામાં આવ્યું હતું. અક્ષરચોકથી અમદાવાદ બસ સવારે ૮ વાગે ઉપડશે, જ્યારે નીલાંબર સર્કલથી અમદાવાદ માટે બસ સવારે ૭.૩૦ વાગે ઉપડશે.

નર્મદા વિકાસ રાજ્યમંત્રી યોગેશ પટેલે કાર્યક્રમમાં કહ્યું કે, રાજ્ય સરકાર હંમેશા પ્રજાલક્ષી કામો અને નિર્ણયો કરે છે. વોલ્વો બસના નવા રૂટ શરૂ થતાં હજારો મુસાફરોને ફાયદો થશે. લોકોને બસ સ્ટેશન સુધી લાંબુ થવું નહીં પડે.



વન મહોત્સવ અને સ્વાતંત્ર્યના અમૃત કાર્યક્રમ અંતર્ગત એન.એમ. સદ્ગુરૂ વોટર એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન, ચોસાલા, દાહોદના અધિકારી અને કર્મચારીઓ દ્વારા ગોરીયા ગામ, લીમખેડા, દાહોદમાં ૧૦૦૦ વૃક્ષોની રોપણી કરવામાં આવી. આ વર્ષે સંસ્થા દ્વારા વિભિન્ન ગામોમાં ૧,૫૦,૦૦૦ વૃક્ષોનું રોપણી કરવામાં આવી.

## ફતેપુરાના સુખસરમાં આવનાર સરપંચની ચૂંટણી સંદર્ભે તલવાર વડે હુમલો કરતાં બે ને ગંભીર ઈજા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર નગરમાં ચુંટણી બાબતે ત્રણ ઈસમોએ એકપંસ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયાર જેવા કે, તલવાર, લોખંડની પાઈપ, હાથમાં પથ્થર વિગેરે લઈ આવી બે વ્યક્તિઓને હથિયારો વડે માર મારી લોહી લુહાણ કરી, શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડ્યાં બાદ ત્રણે જણાએ ભારે ધિંગાણું મચાવી એકે ગળામાં પહેરી રાખેલ સોનાની ચેઈનની પણ લુંટ ચલાવી ધમકીઓ આપી નાસી જતાં વિસ્તારમાં ચક્ચાર મચી જવા પામી હતી.

ગત તા.૧૨મી ઓગષ્ટના રોજ સુખસર નગરમાં રહેતાં વિક્રમભાઈ સોમાભાઈ સંગાડા, નિલેશભાઈ ભાવાભાઈ સંગાડા અને ટીનાભાઈ રામાભાઈ સંગાડાનાઓ એક્સંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે તલવાર, લોખંડની પાઈપ અને હાથમાં પથ્થરો લઈ આવ્યાં હતાં.અને સુખસર ગામમાં રહેતાં ધવલભાઈ રમેશભાઈ સંગાડા અને વિશાલભાઈ પાસે આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, સુખસરમાં સરપંચની ચુંટણી આવે છે તેમાં ડાહ્યાં થવાની જરૂર નથી. તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતા અને પોતાની સાથે લાવેલ હથિયારો વડે ધવલભાઈ અને વિશાલભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે માર મારી લોહીલુહાણ કરી,આજે તો બચી ગયા છો હવે પછી મારી નાંખીશું, તેવી ધમકીઓ આપી નાસી જતાં વિસ્તારમાં આ બનાવને પગલે ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ સંબંધે ઈજાગ્રસ્ત ધવલભાઈ રમેશભાઈ સંગાડાએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

### અત્યાર સુધી કુલ ૪.૩૦ લાખ લોકો મોતને ભેટ્યા, એક્ટિવ કેસ ૧.૨૦ ટકા

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૦,૧૨૦ પોઝિટિવ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોનાના ૪૦ હજારથી વધુ કેસ છેલ્લા ૨૪ કલાકમાં સામે આવ્યા છે. આરોગ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલ લેટેસ્ટ આંકડાઓ મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૪૦૧૨૦ નવા કેસ સામે આવ્યા છે જ્યારે ૪૨૨૯૫ લોકો રિકવર થઈને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થઈ ચૂક્યા છે. વળી, છેલ્લા ૨૪ કલાકમાં ૫૮૫ લોકોના કોરોનાથી જીવ જતા રહ્યા છે. આ સાથે જ દેશમાં હવે કોરોનાના કુલ સક્રિય કેસ ૩૮૫૨૨૭ છે જ્યારે અત્યાર સુધી ભારતમાં કોરોનાથી



૪,૩૦,૨૫૪ લોકોના મોત થઈ ચૂક્યા છે. અત્યાર સુધી દેશમાં કોરોના સંક્રમણના કુલ ૩,૨૧,૧૭,૮૨૬ કેસ સામે આવી ચૂક્યા છે જેમાંથી ૩,૧૩,૦૨,૩૪૫ લોકો રિકવર થઈ ચૂક્યા છે.

દેશમાં કોરોના રસીકરણની વાત કરીએ તો અત્યાર સુધી દેશમાં કુલ ૫૨.૯૫ કરોડ કોરોના વેક્સીનનો ડોઝ આપવામાં આવી ચૂક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૭,૩૧,૫૭૪ કોરોના વેક્સીનનો ડોઝ આપવામાં આવી ચૂક્યો છે. દેશમાં કુલ સક્રિય કેસ અત્યાર સુધી આવેલા સંક્રમણના માત્ર ૧.૨૦ ટકા છે કે જે માર્ચ ૨૦૨૦થી અત્યાર સુધી સૌથી ઓછા છે. વળી, રિકવરી રેટની વાત કરીએ તો તે ૯૭.૪૬ ટકા છે. દેશમાં કોરોના ટેસ્ટીંગને પણ સતત ઝડપી બનાવાઈ રહ્યુ છે અને અત્યાર સુધી ૪૮.૯૪ કરોડ કોરોના સેમ્પલ ટેસ્ટ કરવામાં આવી ચૂક્યા છે.

ઉલ્લેખનીય છે કે મુંબઈમાં કોવિડ-૧૯ના ડેલ્ટા વેરિઅંટ પ્લસ વેરિઅંટથી પહેલુ મોત થયુ છે. મૃતક ૬૩ વર્ષીય મહિલા છે જેમણે વેક્સીનના બંને ડોઝ લીધા હતા. ૨૧ જુલાઈએ તે કોવિડ પૉઝિટિવ મળી આવ્યા હતા અને ૨૭ જુલાઈએ તેમનુ નિધન થઈ ગયુ. મહિલાને ડાયાબિટીઝ સહિત ઘણી બિમારીઓ હતી. તે મુંબઈના સાત દર્દીઓમાંના એક હતા જે હાલમાં જ ડેલ્ટા પ્લસ વેરિઅંટથી ગ્રસ્ત જોવા મળ્યા હતા. કેરળમાં પણ ગુરુવારે કોરોના સંક્રમણના ૨૧,૪૫૫ નવા કેસ સામે આવ્યા બાદ રાજ્યમાં સંક્રિતોની સંખ્યા વધીને ૩૬,૩૧,૬૩૮ થઈ ગઈ છે. રાજ્ય સરકારે જણાવ્યુ છે કે છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમણથી ૧૬૦ લોકોના મોત થયા ત્યારબાદ રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે મરનારની સંખ્યા ૧૮,૨૮૦ થઈ ગઈ છે.

કર્ણાટકમાં ગુરૂવારે કોવિડ-૧૯ના ૧,૮૫૭ નવા કેસ સામે આવવાની સાથે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૨૯.૨૪ લાખ થઈ ગઈ છે જ્યારે ૩૦ દર્દીના મોત થતા મૃતકોની સંખ્યા ૩૬,૯૧૧ પર પહોચી ગઈ છે. રાજ્યના સ્વાસ્થ્ય વિભાગે આ જાણકારી આપી છે. સ્વાસ્થ્ય વિભાગ અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ૧,૯૫૦ દર્દી સંક્રમણ મુક્ત પણ થયા છે, જે રાજ્યાં આ જીવલેણ વાયરસ સંક્રમણને માત આપનારાની સંખ્યા વધીને ૨૮,૬૫,૦૬૭ થઈ ગઈ છે.

## રાજ્યસભામાં હોબાળાની તપાસ માટે વિશેષ સમિતિની રચના કરાઈ

ન્યુ દિલ્હી,

ચોમાસું સત્રના છેલ્લા દિવસે રાજ્યસભામાં હોબાળાની તપાસ એક વિશેષ સમિતિ કરશે. જણાવવામાં આવી રહ્યું છે કે એક સપ્તાહની અંદર રાજ્યસભાની ઘટનાની તપાસ માટે એક સમિતિની જાહેરાત કરવામાં આવશે. આ સમિતિમાં અડધો ડઝનથી એક ડઝન સભ્યો હશે. આ બાબતની તપાસ નીતિશાસ્ત્ર સમિતિને બદલે વિશેષ સમિતિ દ્વારા કરવામાં આવશે. હાલમાં ભૂતપૂર્વ સેક્રેટરી અને કાયદાના નિષ્ણાતો પાસેથી અભિપ્રાય લેવામાં આવી રહ્યો છે. બીજા બાજુ ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ એમ વેંકૈયા નાયડુ અને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ચોમાસુ સત્રમાં કેટલાક સાંસદોના ખરાબ વર્તન પર ચિંતા વ્યક્ત કરી છે. બીજી તરફ સંસદમાં પક્ષ અને વિપક્ષની લડાઈ વચ્ચે રાજ્યસભા સચિવાલયે ૧૧ ઓગસ્ટના રોજ રાજ્યસભાની અંદર થયેલા હોબાળા અંગે પોતાનો અહેવાલ રજૂ કર્યો છે. અહેવાલ મુજબ તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડોલા સેને હોબાળાના દિવસે દિવસે કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ અને સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોશી સાથે ગેરવર્તન કર્યું હતું. તેમણે માત્ર તેનો રસ્તો જ રોક્યો ન હતો પરંતુ પિયુષ ગોયલને ધક્કો પણ માર્યો હતો. જ્યારે સાંસદો ફૂલો દેવી નેતામ, છાયા વર્મા અને એલ્મરન કરીમ પર માર્શલો સાથે મારપીટ કરવાનો આરોપ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 301

## ગોધરા ઈન્ડીયન રેડક્રોસમાં ૨૦૧૯માં થયેલ

# રીનોવેશન અને નવિન બાંધકામમાં નીતિ નિયમોને નેવે મૂકીને આચરવામાં આવેલ ગેરરીતિઓનો પર્દાફાશ

ગોધરા,

ગોધરા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી પંચમહાલ શાખા દ્વારા વર્ષ ૨૦૧૯ માં રેડક્રોસ સોસાયટીના બિલ્ડીંગ રીનોવેશન અને નવિન બાંધકામનો કોન્ટ્રાકટ ઈજારદારને આપવામાં આવ્યો હતો. આ બાંધકામ અને રીનોવેશન કામગીરી અંદાજીત ૧.૪૦ કરોડ રૂપીયા થતી હોય છતાં સંસ્થાના જવાબદાર હોદ્દેદારો દ્વારા કોઈપણ જાતની મંજુરી ટેન્ડર કે વર્કઓર્ડર વગર ગેરવહિવટ કરવાના બદઈરાદાથી સંસ્થાના રીનોવેશન અને નવિન બાંધકામ માટેના નીતિ નિયમો નેવે મૂકવામાં આવ્યા અને પોતાના માનીતા કોન્ટ્રાકટરને કોન્ટ્રાકટ આપી દેવામાં આવ્યો હતો અને આ પણ ઓછું હોય તેમ કામની શરૂઆત પહેલા ઈજારાદારને એડવાન્સ નાણાં પણ ચુકવવામાં આવ્યા હતા અને કોન્ટ્રાકટરને કામ પેંટે ૭૦ લાખ રૂપીયાનું ચુકવણું કરી દેવામાં આવ્યું. તેની સામે માંડ ૪૫ લાખ રૂપીયા જેટલું કામ થયેલ છે. આ કામની સામે કોન્ટ્રાકટરને સંસ્થાના જવાબદારોએ વધુ નાણા ચુકવીને સંસ્થાને લાખો રૂપીયાનું આર્થિક નુકશાન કરવામાં આવ્યું છે. આ બાબતે રેડક્રોસ સોસાયટીના જીલ્લા કલેકટર તેમજ સંસ્થા અધ્યક્ષને તા. ૨૪/૦૭/૨૦૨૦ માં સામાજીક કાર્યકર કૈલાસ કારીઆ દ્વારા લેખિત અને મૌખિક રજુઆત કરવામાં આવી હતી સાથે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના ઉપપ્રમુખ ગોધરા પ્રાંત અધિકારીને પણ રજુઆત કરાઈ હતી. તેમ છતાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી સંસ્થાને આર્થિક નુકશાન કરનાર સંસ્થાના જવાબદાર હોદ્દેદારો સામે આજદિન સુધી કાર્યવાહી કરવામાં આવેલ નથી. આ બાબતે જીલ્લા કલેકટર દ્વારા સંસ્થામાં થયેલ બાંધકામની આર એન્ડ બી વિભાગ પાસેથી વેલ્યુશન કરાવીને થયેલ કામ કરતાં વધારે ચુકવાયેલ લાખો રૂપીયાના નાણાની વસુલાત કરી જવાબદાર હોદ્દેદારો વિરૂદ્ધ ફોજદારી રાહે કાયદેસરની કાર્યવાહી કરવા લેખિત રજુઆત પુનઃ તા. ૫ ઓગસ્ટ ૨૦૨૧ રોજ જીલ્લા કલેકટરને રૂબરૂમાં સામાજીક કાર્યકર કૈલાસ કારીઆ દ્વારા કરવામાં આવી છે.

ગોધરા ખાતે આવેલ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના બિલ્ડીંગમાં ૨૦૧૯ના વર્ષમાં રીનોવેશન અને નવિન બાંધકામની કામગીરી શરૂ કરવામાં આવી હતી. રેડક્રોસ સોસાયટીના હોદ્દેદારો દ્વારા સંસ્થામાં રીનોવેશન અને નવિન બાંધકામમાં ગેરરીતિ આચરવાનાં આશય સાથે કામ હાથ ધરેલ હોય તે મુજબ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની સંસ્થામાં નવિન બાંધકામ અને રીનોવેશન કામગીરી કરવાની હોય તે પહેલા સરકારી ધારાધોરણ પ્રમાણેના નીતિ નિયમોનું પાલન કરવાનું થતું હોય છે. સંસ્થામાં થનાર રીનોવેશન કામ અને નવિન બાંધકામ માટે વેલ્યુએશન નક્કી કરવાની થતી હોય છે. બાદમાં નિયમો પ્રમાણે મંજુરી, ટેન્ડર પ્રક્રિયા અને વર્ક ઓર્ડર જેવી તમામ પ્રક્રિયા પુરી કરવાની થતી હોય છે, પરંતુ ગોધરા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના હોદ્દેદારો દ્વારા ૨૦૧૯ના વર્ષમાં સંસ્થાના રીનોવેશન અને નવિન બાંધકામ માટે કોઈ મંજુરી કે ટેન્ડરીંગ કરવામાં આવ્યું ન હતું અને સંસ્થાના હોદ્દેદારો દ્વારા સંસ્થામાં થનાર નવા રીનોવેશન કામ અને નવિન બાંધકામમાં ગેરરીતિ આચરવાના આશયે અને ઈરાદા પૂર્વક પોતાના માનીતા ઈજારદાર કોન્ટ્રાકટરને કામ સોંપી દેવામાં આવ્યું હતું. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીમાં થનાર રીનોવેશન અને નવિન બાંધકામ અંદાજીત ૧.૪૦ કરોડ રૂપીયાનું થતું હોય તેની સામે રેડક્રોસ સોસાયટીના હોદ્દેદારો દ્વારા કોન્ટ્રાકટરને કામ શરૂ થતાં પહેલા એડવાન્સ નાણા ચુકવણું કરવામાં આવ્યું છે. જેની સામે સંસ્થામાં માંડ ૪૫ લાખ રૂપીયા જેટલું કામ થયેલ છે. તે જોતા કોન્ટ્રાકટરને સંસ્થાના હોદ્દેદારો દ્વારા વધારાના નાણા ચુકવીને ઘી કેળા કરાવીને સંસ્થાને લાખો રૂપીયાનું આર્થિક નુકશાન કરેલ હોય આ બાબતે સામાજીક કાર્યકર કૈલાસ કારીઆ દ્વારા તા.૨૪/૦૭/૨૦૨૦ માં તત્કાલીન જીલ્લા કલેકટરને લેખિત અને મૌખિક રજુઆત કરીને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી સંસ્થાને થયેલ લાખો રૂપીયા આર્થિક નુકશાન કરેલ હોય તેની તપાસ કરવા માટે રજુઆત કરેલ હતી સાથે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના ઉપપ્રમુખ ગોધરા પ્રાંત અધિકારીને પણ રજુઆત કરવામાં આવી હતી. આ રજુઆતને એક વર્ષ ઉપરાંતનો સમય વિતવા છતાં રેડક્રોસ સોસાયટી સંસ્થાને આર્થિક નુકશાન કરનાર સંસ્થાના જવાબદાર હોદ્દેદારો સામે આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીમાં ૨૦૧૯ના વર્ષમાં થયેલ રીનોવેશન અને બાંધકામમાં થયેલ ગેરરીતિ અને સંસ્થાને થયેલ આર્થિક નુકશાનની રજુઆત તા. ૨૪/૦૭/૨૦૨૦ માં કરવામાં આવી હતી. તેની વચ્ચે કોરોનાકાળના સમયમાં આ રજુઆત અંગે તપાસ કરવામાં આવેલ ન હતી. હાલના જીલ્લા કલેકટર અને રેડક્રોસ સોસાયટીના અધ્યક્ષને તા.૫ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ સામાજીક કાર્યકર દ્વારા પુનઃ ધ્યાનમાં લાવવા અને રેડક્રોસ સોસાયટીને થયેલ આર્થિક નુકશાન તેમજ સંસ્થામાં થયેલ રીનોવેશન અને નવિન બાંધકામની વેલ્યુશન આર એન્ડ બી વિભાગ પાસેથી કરવામાં આવે તેમજ કામ કરતાં વધારે ચુકવાયેલ નાણાની વસુલાત કરી સંસ્થાના જવાબદાર હોદ્દેદારો સામે સંસ્થાનને આર્થિક નુકશાન કરવા બાબતે ફોજદારી રાહે કાર્યવાહી કરવા માટે રજુઆત કરાઈ છે. હાલ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીમાં વર્ષ૨૦૧૯ માં થયેલ રીનોવેશન અને નવિન બાંધકમમાં આર્થિક નુકશાન તેમજ નીતિ નિયમોનું ઉલ્લંઘન કરાયેલ છે. તેની તપાસ ગોધરા પ્રાંત અધિકારી કરી રહ્યા છે.


4 તા.૨૫/૦૭/૨૦૨૦ શનિવાર

પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

ગોધરાની રેડક્રોસ સોસાયટીમાં

રિનોવેશન કરનાર કોન્ટ્રાકટરને વધુ નાણાં ચુકવતા કલેકટરને તપાસની માંગ કરાઈ

- ટેન્ડર કે વર્ક ઓર્ડર પ્રક્રિયાનું પાલન ન કરાયું.
- ૪૮ લાખના કામ સામે ૭૦ લાખની ચુકવણી કરાયાનો આક્ષેપ.

રેડક્રોસ સોસાયટીના નવિન બાંધકામ અને રીનોવેશન કામગીરીમાં થયેલ ગેરરીતિ અંગે સામાજીક કાર્યકર કૈલાસ કારીઆની રજુઆત બાદ અહેવાલ પંચમહાલ સમાચારમાં તા. ૨૫/૦૭/૨૦20ના રોજ પ્રકાશીત થયેલ હતો. આ રજુઆતને એક વર્ષનો સમયગાળો વિત્યો હોવા છતાં સંસ્થાને થયેલ આર્થિક નુકશાન અંગેની તપાસ ગોકળ ગાયની ગતિએ તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે.

ગોધરા રેડક્રોસ સોસાયટીમાં રીનોવેશન અને નવિન બાંધકામ માટે કોઈ મંજુરી લેવામાં આવી નથી. સાર્વજનિક સંસ્થાની કામગીરી હોય ત્યારે સરકારી નીતિ નિયમો પ્રમાણે ટેન્ડરીંગ પ્રક્રિયા કરવાની થતી હોય છે. તેમ છતાં સંસ્થાના હોદ્દેદારો દ્વારા પોતાની વેપારી પેઢી હોય તે મુજબ પોતાના માનીતા કોન્ટ્રાકટરને કામ આપવામાં આવ્યું અને સંસ્થાના કામ માટે વર્ક ઓર્ડર વગર કામગીરી શરૂ કરવામાં આવી હતી.

ગોધરા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના હોદ્દેદારો દ્વારા ૨૦૧૯ના વર્ષમાં સંસ્થામાં અંદાજીત ૧.૪૦ કરોડનું કામ હોવા છતાં ટેન્ડરીંગ પ્રક્રિયા કરવામાં આવી ન હતી. તેમાં પણ અધુરી કામગીરીમાં ૭૦ લાખ રૂપીયા જેટલું ચુકવણું કોન્ટ્રાકટરને કરી દેવામાં આવ્યું. હોદ્દેદારો દ્વારા સરકારી નીતિ નિયમોનું પાલન કરવામાં આવ્યું નથી.

રેડક્રોસ સોસાયટીના તત્કાલીન ટ્રેઝરર દ્વારા સંસ્થાના રીનોવેશન અને નવિન બાંધકામ માટે મંજુરી, વર્ક ઓર્ડરનો વાંધો ઉઠાવ્યો. ત્યારે સંસ્થાના હોદ્દેદારો દ્વારા ટ્રેઝરરને પદ ઉપર થી હટાવી લેવામાં આવ્યા અને તે સંસ્થાના બાંધકામ અને રીનોવેશન કામગીરીમાં ગેરરીતિ તરફ આંગળી ચીંધે છે.

રેડક્રોસ સોસાયટી માનવતાના ધોરણે જરૂરીયાતમંદ લોકોને નફા નુકશાન વગર રકતદાન કરવાના સેવા ભાવ સાથે વરેલ છે. એવી સંસ્થામાં હોદ્દેદારો દ્વારા સંસ્થાને પોતાની પેઢી સમજીને મનસ્વી વહીવટી કરીને સંસ્થાને લાખો રૂપીયાનું આર્થિક નુકશાન કર્યું હોય તેની ન્યાયીક અને તટસ્થ તપાસ ઝડપી કરવી ખૂબ જરૂરી છે.

- સંસ્થામાં થયેલ રીનોવેશન અને બાંધકામ પેટે ૭૦ લાખનું ચુકવણું કરાયું.
- ૧ કરોડ ઉપરાંતનું કામ હોવા છતાં સંસ્થાના હોદ્દેદારો દ્વારા ટેન્ડરીંગ કરવામાં આવ્યું નહીં.
- માનીતા કોન્ટ્રાકટરને કામ આપીને વધારાનું ચુકવણું કરાયું.
- તા.૨૪/૦૭/૨૦ માં જીલ્લાના તત્કાલીન કલેકટરને સામાજીક કાર્યકર કૈલાસભાઈ કારીઆ દ્વારા રજુઆત.
- કામ કરતાં વધારે ચુકવાયેલ નાણાની વસુલાત કરવામાં આવે તે સાર્વજનિક સંસ્થાના હિતમાં જરૂરી.

## કાલોલ હાઉસીંગ સોસાયટીના ભાડુઆતના સામાન સાથેના

# મકાનને માલિક દ્વારા JCB મશીન વડે તોડવામાં આવ્યું : બાઉન્સરો સાથે રાખી તોડવામાં આવ્યું


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ


કાલોલ,

કાલોલ હાઉસીંગ સોસાયટીમાં મકાન નં./૧૨ બી વર્ષો જુના ભાડુઆતના સામાન સાથે રાખીને કબ્જો લેવા તોડવામાં આવતાં ઉત્તેજના ભર્યા દ્રશ્યો સર્જાયા હતા. ભાડુઆત દ્વારા મકાનના વેચાણ પેંટે આપવાની પાવતી રજુ કરવામાં આવી જ્યારે માલિક દ્વારા વેરાની પાવતી પોલીસ મથકમાં રજુ કરાઈ છે.

કાલોલ હાઉસીંગ સોસાયટીના મકાન નંબર /૧૨ બી માં વર્ષો જુના ભાડુઆત લીલાબેન ભુપેન્દ્રભાઈ પટેલ છે અને મકાન માલિક પંકજભાઈ મહેતા વચ્ચે છેલ્લા ત્રણ દિવસ થી મિલ્કતના કબ્જાને લઈ કાલોલ પોલીસ મથકે અરજી કરવામાં આવતી હતી. મકાન માલિક પંકજ મહેતા દ્વારા પાલિકામાં વેરો તેમજ સોસાયટીના વેરાની પાવતી રજુ કરવામાં આવી હતી. જ્યારે લીલાબેન ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા વેચાણ પેંટે નાણા આપ્યાની પાવતી પોલીસ મથકે રજુ કરવામાં આવી હતી. હાલ આ બાબતે પોલીસ મથકમાં ચાલી રહી છે. તેની વચ્ચે ગુરૂવારના રોજ મકાન માલિક પંકજભાઈ મહેતા દ્વારા ભાડુઆત લીલાબેન પટેલના સામાન સાથેના મકાનને જેસીબી વડે તોડવાની શરૂઆત કરી હતી. મકાન માલિક પંકજભાઈ મહેતા દ્વારા ખાનગી બાઉન્સરો સાથે રાખીને મકાન તોડવાની કામગીરી કરતાં ઉત્તેજના ભર્યા દ્રશ્યો સર્જાયા હતા. કાલોલ હાઉસીંગ સોસાયટીમાં ભાડુઆતના સામાન સાથેના કબ્જાવાળા મકાનને ખાનગી બાઉન્સરો સાથે જેસીબી થી તોડવામાં આવતાં જાણે કાયદો અને વ્યવસ્થા જેવી કોઈ વસ્તુ અમલમાં નથી અને પોલીસ મૂક પ્રેરક બનીને તમાસો જોતી રહી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા તે અચરજ પમાડે તેવા હતા.

## એગ્રો સેન્ટરના દ્વારા ખેડૂતો સાથે છેતરપિંડી : ગોધરા તાલુકાના રામપુર(જો)ના ખેડુતે વેજલપુર એગ્રો સર્વિસ ખાતેથી લીધેલ દવા ખેતરમાં નાખ્યા બાદ પાક સુકાયો






### કાલોલ ખાનગી એગ્રો સેન્ટરના સંચાલકો દ્વારા ખેડુતો સાથે થતી છેતરપિંડી

કાલોલ,

કાલોલ તાલુકા વિસ્તારમાં બિલાડીની ટોપની જેમ ખાનગી એગ્રોની દુકાનો ધમધમી રહી છે. જેમાં મોટાભાગની એગ્રોની દુકાનો માત્ર નફાખોરીને પ્રાધાન્ય આપે છે, જે એગ્રોની દુકાનોમાં અનિયંત્રિત રીતે બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓના વેપારમાં ખેડૂતોના હિત ધરાવતા સરકાર માન્ય ગુણવત્તા અને ધારાધોરણો જળવાતા નથી. જેથી અનેક ખેડૂતો ખાનગી એગ્રો ઈન્ડસ્ટ્રીઝની મોનોપોલી અને કાળાબજારીનો ભોગ બને છે, અવારનવાર ખેડૂતોને થતા અન્યાય અને નુકસાનને મામલે લોકબુમો ઉઠે છે, પરંતુ ખેડૂતોના અવાજને ન્યાય આપવાને મામલે જવાબદાર તંત્ર આંખ આડા કાન કરી દેતા હોય છે. જે મધ્યે કાલોલ તાલુકાના વેજલપુરના એક એગ્રો માલિકીની મોનોપોલીનો ભોગ બનેલ એક ખેડૂતને થતા અન્યાયનો કિસ્સો પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર પંચમહાલ જિલ્લા ખેતીવાડી નિયામક અને જીલ્લા એપીએમસી વિભાગને કરેલી લેખિત રજૂઆત મુજબ ગોધરા તાલુકાના રામપુર (જોડકા) ગામના ખેડૂત નામે બળવંતભાઈ દલપતભાઈ ચૌહાણે આ ચોમાસું સિઝનમાં પોતાના બે એકર જેટલા ખેતરમાં શાકભાજીમાં કારેલાની વાડી કરી હતી. આ કારેલાની વાડી માટે મોંઘાં બિયારણ, ખેડ, ખાતર, પાણી, પાકા તારનો મંડપ ઉપરાંત પાછલા ત્રણ મહિનાથી પરસેવાની મહેનત અને માવજતને અંતે કારેલા બેસવાને સમયે જરૂરી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવા માટે બળવંતભાઈએ ગત અઠવાડિયે ૬/૮ના રોજ વેજલપુર સ્થિત પ્રવિણદાસ ગોપાલદાસ પટેલ દ્વારા ચાલતી એગ્રો સર્વિસની દુકાનેથી કાચા બિલ સાથે જંતુનાશક દવા લીધી હતી જે ખેડૂતે બીજા દિવસે ૭/૮ના રોજ પોતાની કારેલાની વાડીમાં છંટકાવ કર્યા પછી બીજા દિવસે બે એકરની વાડીમાં કારેલા કાળાં પડી ગયા હતા. જેથી ખેડૂતોએ જંતુનાશક દવાની તપાસ કરતા એ જંતુનાશક દવા એક્સપાયરી ડેટ ધરાવતી હતી જેથી એક્સપાયરી ડેટ ધરાવતી જંતુનાશક દવાઓનો જથ્થો ધરાવતા એગ્રો વેપારીએ અભણ ખેડૂતોને પધરાવી દેતા બે એકર જેટલી જમીન પરની કારેલાની વાડીને નુકશાન જતાં ખેડૂત પરિવારને ચાર પાંચ લાખની આવકનું નુકસાન પહોંચ્યું હતું. જે સમગ્ર મામલે બળવંતભાઈએ એક્સપાયરી ડેટ ધરાવતા જંતુનાશક દવાઓનો જથ્થો ધરાવતા એગ્રો વેપારી સામે પંચમહાલ જિલ્લા ખેતીવાડી નિયામક અને એપીએમસી વિભાગને જાણ કરતા જવાબદાર તંત્ર દ્વારા રજુઆત મામલે જરૂરી તપાસ અને સુનાવણી કરી અંતે કાયદેસરની કાર્યવાહીને આધીન વેજલપુર સ્થિત એગ્રો સર્વિસના વેપારી પ્રવિણદાસ ગોપાલદાસ પટેલની એગ્રો સર્વિસની દુકાનમાં ૧૨/૦૮થી ૧૧/૦૯ સુધીની એક મહિનાની અવધિ માટે જંતુનાશક દવા અધિનિયમ હેઠળ દેવાનું લાયસન્સ રદ કરીને સંતોષ માન્યો હતો. જ્યારે બીજી એક મહિના સુધી બાહ્ય રીતે દવાઓનું વેચાણ નહીં કરીને કસુરવાર વેપારી નિયમિત રીતે ખાતર અને બિયારણના લાયસન્સ હેઠળ ધીંકતો ધંધો કરવાની છુટ મળી જતાં વેપારીને દંડાત્મક કાર્યવાહીનો કોઈ ફરક પડ્યો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, એક તરફ વેજલપુરના કુખ્યાત એગ્રો દુકાનદાર દ્વારા એક્સપાયરી ડેટ ધરાવતા જંતુનાશક દવાઓના વેચાણથી એક ખેડૂતની બે એકરની જમીન પરની ત્રણ મહિનાની પરસેવાની માવજત અને મહેનત સામે અપેક્ષિત ચાર પાંચ લાખની આવક પર બેજવાબદાર વેપારીએ પાણી ફેરવી દીધું છે. તેની સામે ખેડૂતોના અહિતનો કારોબાર કરતા કસુરવાર એગ્રો વેપારીનું માત્ર એક મહિનાનું લાયસન્સ રદ કરવાથી ખેડૂતોને શું ન્યાય મળશે..? ખેડૂતના હિત માટે થયેલા નુકસાનનું વળતર કોણ ચુકવશે..? તદ્ઉપરાંત કસુરવાર વેપારી સામે શા માટે દંડનીય કાર્યવાહી કરવા માટે પાછીપાની કરવી પડે છે..? એવા અનેક પ્રશ્નો જવાબદાર તંત્ર સમક્ષ ઉભા થતાં સમગ્ર મામલે પુનઃ સમીક્ષા કરી કસુરવાર વેપારી સામે ખેડુતને થયેલા નુકસાન અંગે કાયદેસરની દંડનીય કાર્યવાહી કરવા માટે ખેડૂતોની લોકમાંગ ઉઠવા પામી છે.

## જાહેર નિવિદા

**શ્રી જે.આર.દેસાઈ જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ-મોરા, પંચમહાલ**

### સ્ટેશનરી ભાવ મંગાવવા બાબત

પંચમહાલ જિલ્લા ખાતે મુ.મોરા, તા.મોરવા (હ) ખાતે કાર્યરત શ્રી જે.આર. દેસાઈ જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલના ખેલાડીઓ માટે ગુજરાત સરકારશ્રીની નવી શિક્ષણનીતી મુજબ વર્ષ ૨૦૨૧-૨૨ માં પ્રથમ અને બીજા સત્રની સ્ટેશનરી ખરીદ કરવાની હોઈ ધોરણ-૦૫ થી ૧૨ સુધીના ગુ.મા.શિ.બોર્ડ. દ્વારા પ્રકાશિત પાઠય પુસ્તકો તથા ગાઈડો (નવનીત), બોલપેન, પેન્સિલ, કંપાસ, ડ્રોઈંગ બુક, કલર, પ્રયોગપોથી, નકશાપોથી, એકઝામ પેડ, ગ્રાફબુક વગેરે તેમજ નોટબુક ૧૦૦/૨૦૦ પેજ (સાદી અને ૪ લાઈન), ચોપડા ૨૦૦ પેજ, ખરીદ કરવાના હોઈ સરકારશ્રીના નિયમોને આધીન રસ ધરાવતી પાર્ટીએ આ જાહેરાત પ્રસિધ્ધ થયે દિન ૦૭ માં સીલબંધ કવરમાં લેટરપેડ પર જી.એસ.ટી. સહીતના ભાવની વિગત નીચેના સરનામે રજી. પો.એ.ડી.થી મોકલી આપવાના રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું : શ્રી જે.આર. દેસાઈ જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ મુ.મોરા, તા.મોરવા (હ), જિ.પંચમહાલ**

માહિતી/ગોધરા/૪૩૨/૨૦૨૧

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**ધી દુધ ઉત્પાદક સહકારી મંડળી**

**મુ. અગારા નિશાળ ફળીયું, મુ. અગારા, તા. લીમખેડા**

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**ધી જય શિવશક્તિ ડાયમંડ આ. ઔ. મંડળી**

**મુ. પહાડ-મકણા ફળીયું, તા. લીમખેડા**